# BSNL EMPLOYEES UNION
# C.H.Q., NEW DELHI

## : BSNL ના વિનિવેશ નો કામદાર સંગઠનો દ્વારા વિરોધ :

UPA સરકાર દ્વારા તા. ૦૫.૧૧.૨૦૦૯ ના રોજ વિનિવેશ નીતિની જાહેરાત કરવામાં આવી છે. આ નવી નીતિ અનુસાર જાહેર સાહસના એકમોનું વિનિવેશ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે જાહેર સાહસના એકમો અને તેના કર્મચારીઓ ના હિત વિરૂધ્ધ નું છે. આ વિનિવેશ પ્રક્રિયાની યાદી માં BHARAT SANCHAR NIGNAM LIMITED નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

BSNL ના વિનિવેશનો BSNLEU સખત વિરોધ કરે છે. સરકાર દ્વારા અગાઉ એવી ખાતરી આપવામાં આવી હતી કે BSNL નું વિનિવેશ કરવામાં નહિં આવે અને જો તેમ કરવું હશે તો કામદાર સંગઠનો ને વિશ્વાસમાં લેવામાં આવશે. સરકારનો એક તરફી નિર્ણય કામદાર સંગઠનો ને આપવામાં આવેલ ખાતરીનું ઉલ્લંઘન છે.

વર્તમાન સંજોગો ને ધ્યાનમાં લેતાં BSNL ના વિનિવેશની પ્રક્રિયા અગત્યની નથી પરંતુ BSNL ની સેવાઓનું વિસ્તરણ કરી BSNL ની નફાકારકતા માં વધારો કરી કંપની ને આર્થિક રીતે સમૃધ્ધ બનાવવું વધુ અગત્યનું છે. ખામી ભરેલ વહીવટ ના કારણે BSNL ના Market Share માં ચિંતા જનક ઘટાડો નોંધાયો છે. કુલ કનેકશન ની સંખ્યા જોતાં BSNL હાલમાં બીજા સ્થાને અને Mobile કનેકશન ની સંખ્યા જોતાં ચોથા સ્થાને છે.

મળતી માહિતી મુજબ એવું જાણવા મળ્યું છે કે સરકાર/ BSNL Management 95 mn. lines નું Tender રદ કરવાનું વિચારી રહેલ છે. જે એક આત્મઘાતી પગલું હશે. હાલ BSNL માં Mobile Connections ની સખત અછત છે. જ્યારે હાલનું Tender રદ કરી નવું Tender કરવામાં આવશે તો સ્હેજે આ પ્રક્રિયામાં બે વર્ષનો સમય જશે અને તે BSNL ને ખૂબજ નુકસાન પહોંચાડશે.

BSNL ને 3G સેવાઓ પૂરી પાડવા માટે License છેલ્લા એક વર્ષથી મળી ગયું છે. ૧,૫૦,૦૦૦ 3G ગ્રાહકો ના Target સામે માત્ર ૮૦,૦૦૦ 3G ગ્રાહકો આપણે મેળવી શકયા છીએ. Broadband ના મોડેમ અને અન્ય સામગ્રી ના અભાવ ના કારણે Broadband ની સેવાઓના વિસ્તરણમાં પણ અક્ષમ્ય વિલંબ થઈ રહયો છે.

સરકાર અને BSNL Management એ સરકારની માલિકી ની Telecom. Company ના વિકાસ અને વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરી સરકારી માલિકીની Telecom. Company ને વધુ સધ્ધર બનાવવી જોઈએ. BSNL ના અસ્તિત્વ ના કારણે જ ખાનગી કંપનીઓની સેવાના દરો પર અંકુશ રાખી શકાયો છે જે એક હકીકત છે. BSNL ના વિનિવેશ ના કારણે Company ને નુકસાન જ થશે. અને સરકાર પોતાના અન્ય હેતુઓ માટે ભંડોળ ભેગુ કરશે. VSNL નું વિનિવેશ કરવામાં આવ્યું અને આજે 45% થી વધુ હિસ્સો ખાનગી માલિકો પાસે છે. BSNL નું 10% વિનિવેશ BSNL ના ખાનગી કરણ નું પ્રથમ પગથિયું બની રહેશે.

આ સઘળી બાબતોને ધ્યાનમાં રાખી ને BSNLEU, BSNL ના વિનિવેશ અને ખાનગીકરણ સામે સખત વિરોધ નોંધાવે છે. જો સરકાર અને BSNL Management પોતાની ખાતરીઓનું પાલન નહી કરે અને BSNL ના વિનિવેશ ની પ્રક્રિયા હાથ ધરશે તો BSNLEU, BSNL અને BSNL ના કર્મચારીઓ ના હિતોનું રક્ષણ કરવા યોગ્ય પગલાં લેશે અને પોતાનો સંઘર્ષ સતત ચાલુ રાખશે.

VAN NAMBOODIRI, General Secretary, BSNLEU, CHQ, New Delhi

ગુજરાતી અનુવાદ
મહેશ કે. દવે
સર્કલ સેક્રેટરી, બી.એસ.એન.એલ.
ગુજરાત સર્કલ
94273 45333